RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ : ૦૯ | અંક : ૧ | જુલાઈ - ૨૦૨૩ | કિંમત : રૂા. ૧૦/-



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી
( ૐકાર સંપ્રદાયના આર્ષદષ્ટા અને સ્થાપક )

## જાહેર આમંત્રણ

# વેદાંત ભાષ્ય ગ્રંથ વિમોચન પ્રસંગ



**પ.પૂ.આદિ શંકરાચાર્યજી**

शंकरं शंकराचार्यं केशवं बादरायणम् ।
सूत्रभाष्यकृतौ वन्दे भगवन्तौ पुनः पुनः॥



**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ.પૂ. સંતશ્રી સદ્દગુરુ ૐઋષિ સ્વામી**

ॐकाराय नमो नमः । नादब्रह्मणे नमो नमः ।।
प्रणवब्रह्मणे नमो नमः । सृष्टिकर्त्रे नमो नमः ।।



**પ.પૂ. મહર્ષિ વેદવ્યાસજી**

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः ।
अभाललोचनः शम्भुर्भगवान् बादरायणः ॥

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્દગુરુ ૐઋષિ સ્વામી વિરચિત વેદાંત ભાષ્ય ગ્રંથના વિમોચન પ્રસંગે આપ સૌ ભક્તજનોને ૐકાર સંપ્રદાય દ્વારા સાદર નિમંત્રિત કરવામાં આવે છે.

મહર્ષિ વેદવ્યાસજીએ બ્રહ્મસૂત્રની રચના કરીને આપણને ઉપકૃત કર્યા છે. સર્વ દર્શન શાસ્ત્રમાં મૂર્ધન્ય સ્થાન ધરાવનાર વેદાન્ત શાસ્ત્ર છે આ શાસ્ત્ર ઉપર ભાષ્ય રચવું કે ટીકા કરવી એ સંતજન માટે ગૌરવપૂર્ણ વિષય છે.

આદિ જગતગુરુ શંકરાચાર્યજી પછી વેદાંત ઉપર ભાષ્ય લખનાર વિદ્વાનોની સંખ્યા અંગુલીગણનીયા છે. વેદનો અર્થ જાણવામાં - દર્શન કરવામાં વેદાંત શાસ્ત્ર ઉપયોગી થતું હોવાથી તેને વેદાંત દર્શન કહેવામાં આવે છે. વેદાંતના સૂત્રો સમજવા સરળ ન હોવાથી સદ્દગુરુ ૐઋષિ સ્વામીએ ભાષ્ય દ્વારા આપણને સમજાય તેવી સરસ શૈલીમાં આપણને વેદાંતના સૂત્રો હાથવગાં કરાવીને આપણા ઉપર સ્નેહવૃષ્ટિ કરી છે.

સદ્દગુરુ ૐઋષિ સ્વામીએ 17 જુલાઈ 1996 ના રોજ રથયાત્રાના પાવન દિવસે ૐકાર સંપ્રદાયની સ્થાપના કરી. ધર્મ અને અધ્યાત્મનો પંથ પ્રસ્થાપિત કરનાર સંપ્રદાયના પ્રત્યેક સ્થાપકે વેદાંતનું ભાષ્ય કરવું આવશ્યક છે અને તે દ્વારા તેમને ધાર્મિક અને આધ્યાત્મિક પંથની શાશ્વત સ્વીકૃતિ મળે છે. સદ્દગુરુ ૐઋષિ સ્વામી ૐકાર સંપ્રદાયને યુગો યુગો સુધી શાશ્વત અને સનાતન ધર્મ તરીકે પ્રસ્થાપિત રહે અને એના માટે વેદાંત ઉપર ભાષ્ય રચીને પરમ પૂજ્ય ગુરુજીએ ધાર્મિક અને આધ્યાત્મિક પંથને ગૌરવવંતો બનાવ્યો છે.

આપ સૌ પણ સદ્દગુરુ ૐઋષિ સ્વામીના ભક્તજનો હોવાના નાતે તેમજ ૐકાર સંપ્રદાય જેવા વટવૃક્ષ સાથે જોડાયેલા હોવાના કારણે પણ આ પ્રસંગમાં સપરિવાર ઉપસ્થિત રહી આ અમૂલ્ય અને ધન્ય પળને વધુ અમૂલ્ય બનાવવા ફરી એકવાર હાર્દિક આમંત્રણ છે.

**વેદાંત ગ્રંથના સૌજન્યદાતા**

શેઠશ્રી કામેશભાઈ અને શ્રીમતી તેજલબેન ગજ્જર | ચિ. ઓમ
શેઠશ્રી હર્ષદભાઈ અને શ્રીમતી દિપાલીબેન ખીમાણી | ચિ. દ્વીપ

**શુભ તારીખઃ**
૧૫ જુલાઈ, ૨૦૨૩, શનિવાર

**શુભ સમયઃ**
સાંજે ૪ થી ૮ કલાકે

**શુભ સ્થળઃ**
ઠાકોરભાઈ દેસાઈ હોલ, લો ગાર્ડન, અમદાવાદ

સંપર્ક સૂત્રઃ
9537220959, 9429208997

**ખાસનોંધઃ** મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલી છે.

આપની બેઠક માટે આપનું અને આપના પરિવારના સભ્યોનું નામ પહેલેથી જ મોબાઈલ પર લખાવી દેવા વિનંતી છે.



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય
માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**
ૐકાર સંપ્રદાયના આર્ષદ્દષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ
**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**
ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**
પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬.
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જુલાઈ - ૨૦૨૩ | પાના નં: ૨૪
વર્ષ : ૦૯ | અંક: ૧
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

શ્રાવણ મહિનાના અને અધિકમાસના પાવન દિવસોમાં આપ ભગવાન શિવ અને ભગવાન પુરુષોત્તમની આરાધના કરી શકો એ માટે ભગવાન શિવ અને ભગવાન પુરુષોત્તમની સાધના આપવામાં આવી છે. આ સાધનાથી આપનું જીવન ઉત્તમ બને એવી ઈશ્વરને પ્રાર્થના છે.

ૐકાર સંપ્રદાય મેગેઝિનના માધ્યમથી હું આપ સર્વ ભક્તજનોને સપરિવાર સદ્‌ગુરુ ૐઋષિ રચિત વેદાંત ભાષ્ય પવિત્રપૂર્ય (ગ્રંથ)ના વિમોચન પ્રસંગે આમંત્રિત કરી રહ્યો છું. આવા દિવ્ય પ્રસંગના આપ સૌ સાક્ષી રહેશો એવી હું આશા રાખું છું.

## 'ખુદમાં ડૂબી'

આજ ફરીથી મારે ખુદને ભણવો છે,
ખુદમાં ડૂબી ખુદને બહુ ગણગણવો છે ;

ભીતરના સૂરજનો દીવડો પ્રગટાવીને,
ભીતરના અંધારને મારે હણવો છે ;

સૌને માટે સમાન હો જેમાં જગ્યા,
એક મહેલ એવો પણ મારે ચણવો છે ;

સત્કર્મો વાવીને શુદ્ધ નીતિથી મનમાં,
સ્મિતનો સુંદર મોલ અમારે લણવો છે ;

ૐકારમાં ડૂબી જવું છે આંખ મીંચીને,
શિવનો મારે અંશ મને પણ ગણવો છે.

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો, દિવ્ય સાધનાઓ તેમજ વિવિધ દિવ્ય રાહો દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન આસમાની કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લાલ કલરના વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન ગુલાબી કલરના વસ્ત્રમાં કઠોળના ચણાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ કેસરી કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો

**: ખાસ નોંધ :**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાનાં રોજેરોજનાં કાર્યમાં સફળતાની ગુરુચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૭-૨૦૨૩ | શુક્રવાર | ૐ ત્રિબાત્ય |
| ૨૨-૦૭-૨૦૨૩ | શનિવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી |
| ૨૩-૦૭-૨૦૨૩ | રવિવાર | ૐ કુબેરદેવ |
| ૨૪-૦૭-૨૦૨૩ | સોમવાર | ૐ ગુરૂદેવ |
| ૨૫-૦૭-૨૦૨૩ | મંગળવાર | ૐ સૂર્યદેવ |
| ૨૬-૦૭-૨૦૨૩ | બુધવાર | ૐ શુક્રદેવ |
| ૨૭-૦૭-૨૦૨૩ | ગુરૂવાર | ૐ શનિદેવ |
| ૨૮-૦૭-૨૦૨૩ | શુક્રવાર | ૐ કેતુદેવ |
| ૨૯-૦૭-૨૦૨૩ | શનિવાર | ૐ મંગલદેવ |
| ૩૦-૦૭-૨૦૨૩ | રવિવાર | ૐ રાહુદેવ |
| ૩૧-૦૭-૨૦૨૩ | સોમવાર | ૐ ચંદ્રલક્ષ્મીદેવી |
| ૦૧-૦૮-૨૦૨૩ | મંગળવાર | ૐ બુધદેવ |
| ૦૨-૦૮-૨૦૨૩ | બુધવાર | ૐ ચંદ્રદેવ |
| ૦૩-૦૮-૨૦૨૩ | ગુરૂવાર | ૐ રાજસ્વદેવ |
| ૦૪-૦૮-૨૦૨૩ | શુક્રવાર | ૐ શક્તિમા |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૫-૦૮-૨૦૨૩ | શનિવાર | ૐ ઊર્જાષુ |
| ૦૬-૦૮-૨૦૨૩ | રવિવાર | ૐ લક્ષ્મીત્ય |
| ૦૭-૦૮-૨૦૨૩ | સોમવાર | ૐ દિવ્યતા |
| ૦૮-૦૮-૨૦૨૩ | મંગળવાર | ૐ ભૂમિતા |
| ૦૯-૦૮-૨૦૨૩ | બુધવાર | ૐ મનોતા |
| ૧૦-૦૮-૨૦૨૩ | ગુરૂવાર | ૐ કાર્યતા |
| ૧૧-૦૮-૨૦૨૩ | શુક્રવાર | ૐ લક્ષ્મીવા |
| ૧૨-૦૮-૨૦૨૩ | શનિવાર | ૐ કુબેરાતી |
| ૧૩-૦૮-૨૦૨૩ | રવિવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર |
| ૧૪-૦૮-૨૦૨૩ | સોમવાર | ૐ નમઃ |
| ૧૫-૦૮-૨૦૨૩ | મંગળવાર | ૐ ગુરૂત્ય |
| ૧૬-૦૮-૨૦૨૩ | બુધવાર | ૐ વિજયલક્ષ્મીદેવી |
| ૧૭-૦૮-૨૦૨૩ | ગુરૂવાર | ૐ શુક્રલક્ષ્મીદેવી |
| ૧૮-૦૮-૨૦૨૩ | શુક્રવાર | ૐ મહાલક્ષ્મીદેવી |
| ૧૯-૦૮-૨૦૨૩ | શનિવાર | ૐ ગણેશાય |
| ૨૦-૦૮-૨૦૨૩ | રવિવાર | ૐ ગજલક્ષ્મીદેવી |

## ● સટીક પ્રયોગ ●

### આર્થિક રીતે સક્ષમ બનવા શ્રાવણ મહિના ૨૦૨૩ થી શ્રાવણ મહિના ૨૦૨૪ સુધી કરવા માટેનો સટિક પ્રયોગ

સૌપ્રથમ શ્રાવણ મહિનાના પ્રથમ દિવસથી નીચે આપેલા મંત્રની એક માળા કરી સદ્‌ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ સાધના શ્રાવણ મહિના ૨૦૨૩થી ચાલુ કરીને શ્રાવણ મહિના ૨૦૨૪ સુધી એક વર્ષ સુધી કરવી. આ સાધના અધિક માસથી પણ શરૂ કરી શકો છો.

**મંત્ર : ।। ૐ શ્રી લક્ષ્મીદેવી પ્રાંગમ પ્રાંગમ નમો નમઃ ।।**

**મંત્ર કરવાનો સમય : આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય.**



# પવિત્ર પુરુષોત્તમ માસનું પુણ્ય ફળ અને ભગવાન શ્રી વિષ્ણુની ઊર્જાશક્તિ પ્રાપ્ત કરવા માટેની દિવ્ય મંત્રસાધના

શાસ્ત્રો અનુસાર પુરુષોત્તમ માસ દર ત્રણ વર્ષે એકવાર આવે છે. પુરુષોત્તમ માસને ‘અધિકમાસ’‘મલમાસ’ ના નામથી ઓળખવામાં આવે છે અને તેની પાછળ પણ વિશેષ કથાઓ રહેલી છે. અધિકમાસના અધિપતિ ભગવાન શ્રી વિષ્ણુને માનવામાં આવે છે અને ભગવાન શ્રી વિષ્ણુનું એક નામ પુરુષોત્તમ પણ છે માટે આ પવિત્ર માસને પુરુષોત્તમ માસના નામે પણ ઓળખવામાં આવે છે. આ પાછળ પણ એક ખૂબ જ રોચક કથા આપણા પુરાણોમાં જોવા મળે છે. કહેવાય છે કે ભારતીય ઋષિમુનિઓએ પોતાની ગણના પદ્ધતિથી દરેક ચંદ્રમાસ માટે એક દેવતા નિર્ધારીત કર્યા જ્યારે અધિકમાસ એ સૂર્ય અને ચંદ્ર માસ વચ્ચે સંતુલન બનાવવા માટે તેની ઉત્પત્તિ થઈ તો આ એક વધારાના મહિનાના અધિપતિ બનવા માટે કોઈ દેવતા તૈયાર ન થયા. આ સમયે બધા ઋષિમુનિઓએ ભગવાન શ્રી વિષ્ણુને આ મહિનાનું આધિપત્ય લેવા માટે આગ્રહ કર્યો અને શ્રી વિષ્ણુએ આ આગ્રહનો સ્વીકાર કર્યો. આ રીતે આ અધિકમાસ એ પુરુષોત્તમ માસ તરીકે ઓળખાયો.

ભારતવર્ષની હિંદુ ધર્મ સંસ્કૃતિમાં પુરુષોત્તમ માસનું ખૂબ જ વિશેષ મહત્ત્વ રહ્યું છે. સમગ્ર ભારતમાં આ અધિકમાસમાં પૂજા-પાઠ, જપ-તપ, વ્રત-ઉપવાસ અને ભક્તિનું સવિશેષ મહત્ત્વ રહ્યું છે. એવું કહેવાય છે કે પુરુષોત્તમ માસમાં કરેલ ધાર્મિક કાર્યો, વ્રત, જપ, તપ અને ભક્તિનું સવિશેષ ફળ પ્રાપ્ત થાય છે. પૌરાણિક સિદ્ધાંતો અનુસાર પવિત્ર પુરુષોત્તમ માસ દરમ્યાન યજ્ઞ, હવન ઉપરાંત શ્રીવિષ્ણુ પુરાણ, શ્રી ભાગવત પુરાણ શ્રીમદ દેવી ભાગવત વગેરેનું શ્રવણ, પઠન, મનન વિશેષરૂપે ફળદાયી અક્ષય પુણ્ય પ્રદાન કરનાર મનાય છે. અધિકમાસના અધિષ્ઠતા ભગવાન શ્રી વિષ્ણુ હોવાથી આ સંપૂર્ણ એક મહિના દરમ્યાન શ્રી વિષ્ણુમંત્રોના જાપ પણ સવિશેષ લાભદાયક ગણાય છે.

અધિકમાસ વશિષ્ઠ સિદ્ધાંત અનુસાર ભારતીય હિંદુ કેલેન્ડર સૂર્યમાસ અને ચંદ્રમાસની ગણતરી અનુસાર ચાલે છે. પુરુષોત્તમ માસનો સરળ અર્થ છે જે માસમાં સૂર્ય સંક્રાંતિ ન હોય તે અધિકમાસ કહેવાય છે. અધિકમાસ એ ચંદ્રમાસનો એક વધારાનો ભાગ છે જે દર ૩૨ મહિના, ૧૬ દિવસ અને ૮ ઘડીના અંતરથી આવે છે. તેનું પ્રાગટ્ય સૂર્યવર્ષ અને ચંદ્રવર્ષ વચ્ચે સંતુલન બનાવવા માટે થાય છે. ભારતીય ગણના પદ્ધતિ અનુસાર પ્રત્યેક સૂર્યવર્ષ ૩૬૫ દિવસ અને લગભગ ૬ કલાકનું હોય છે. તેવી જ રીતે ચંદ્રવર્ષ ૩૫૪ દિવસનું માનવામાં આવે છે. આ બંન્ને વર્ષો વચ્ચે લગભગ ૧૧ દિવસનું અંતર હોય છે જે દર ત્રણ વર્ષમાં લગભગ ૧ મહિના બરાબર થઈ જાય છે. આ અંતરને દૂર કરવા માટે દર ત્રણ વર્ષે એકવાર ચંદ્રમાસ અસ્તિત્ત્વમાં આવે છે જે વધારે હોવાના કારણે તેને અધિકમાસ તરીકે ઓળખવામાં આવે છે.

અધિકમાસ એટલેકે પુરુષોત્તમ માસને મનવાંછિત ફળ પ્રદાન કહેવામાં આવે છે. પુરુષોત્તમ માસમાં કરેલા વ્રત, જપ, તપ, ભક્તિનું અનેકગણું વધારે અક્ષય ફળ પ્રાપ્ત થાય છે. પુરુષોત્તમ માસમાં પ્રાપ્ત કરેલ પુણ્યકર્મોનો ક્ષય નથી થતો માટે જ પુરુષોત્તમ માસને પણ શ્રાવણ માસની જેમ ભક્તિ-આરાધના-સાધના જપતપનો પવિત્ર મહિનો ગણવામાં આવે છે. શાસ્ત્રો અનુસાર કોઈપણ પ્રકારના માંગલિક કાર્યો આ મહિના દરમ્યાન કરવામાં આવતા નથી. પરંતુ ભક્તિ-આરાધના, દાન-પુણ્ય, વ્રત-તપ માટે આ મહિનાનું વિશેષ મહત્ત્વ ગણવામાં આવ્યું છે.

અધિકમાસમાં શુક્લપક્ષની 'પદ્મિની એકાદશી' અને કૃષ્ણપક્ષની એકાદશી 'પરમા એકાદશી' તરીકે ઓળખાય છે. એવું કહેવામાં આવે છે કે પુરુષોત્તમ માસમાં આવતી આ બંન્ને એકાદશીઓ મનોકામના પૂર્ણ કરનાર તેમજ ઐશ્વર્ય પ્રદાન કરનાર છે. આમ, પવિત્ર પુરુષોત્તમ માસ એ વ્રત-જપ-તપ, ભક્તિ, આરાધના અને દાન-પુણ્ય દ્વારા પુણ્યકર્મોનું પલ્લુ ભારે કરવા માટે ઉત્તમ અને શ્રેષ્ઠ છે. પૂર્ણ શ્રદ્ધા અને શુદ્ધ મનોભાવ સાથે ભક્તિ અને આરાધના દ્વારા, મંત્રજાપ દ્વારા જીવનને ધન્ય કરવાનો તેમજ મનવાંછિત ફળ પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ અને ઉત્તમ સમય એટલે પુરુષોત્તમ માસ...

## પવિત્ર પુરુષોત્તમ માસનું પુણ્ય ફળ અને ભગવાન શ્રી વિષ્ણુની ઊર્જાશક્તિ પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધનાની માહિતી

ભગવાન શ્રી વિષ્ણુની ઊર્જાશક્તિ મેળવવા માટે નીચે આપેલી સાધના કરવી. આ સાધના કરનાર મનુષ્યને ભગવાન શ્રી વિષ્ણુની ઊર્જાશક્તિ અવશ્ય પ્રાપ્ત થશે.

## : સાધના કરવાની રીત :


પુરુષોત્તમ મહિનાના પ્રથમ દિવસથી નીચે આપેલ મંત્રની ૩ (ત્રણ) માળા અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસા રોજ આખા પુરુષોત્તમ માસ દરમ્યાન એટલેકે કુલ ૩૦ દિવસ સુધી રોજ કરવા. આ સાધના ગમે તે સમયે કરી શકાય. તેમજ આ સાધના ૩૦ દિવસ કરનાર વ્યક્તિ એટલા માટે ભાગ્યશાળી કહેવાય કે ૩૦ દિવસમાં એને ભગવાન શ્રી વિષ્ણુની ઊર્જાશક્તિ મળે. ખાસ કરીને જે લોકો ભગવાન રામ, ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રીનાથજી, ભગવાન શ્રીરણછોડરાયજી, ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી શામળાજી, ભગવાન શ્રી દ્વારિકાધીશમાં અતૂટ શ્રદ્ધા ધરાવનાર દરેક વ્યક્તિએ આ સાધના પુરુષોત્તમ મહિનામાં તો અવશ્ય જ કરવી પરંતુ એ સિવાય પણ જીવનમાં એકવાર અવશ્ય કરવી. જેથી ભગવાન શ્રી વિષ્ણુની ઊર્જાશક્તિ પ્રાપ્ત કરવાની આપની મનોકામના અવશ્ય પરિપૂર્ણ થાય.

**મંત્ર : ।।ૐ શ્રી વિષ્ણુ સર્વદા વિષ્ણુ સર્વદા પ્રાગટ્ય પ્રાગટ્ય નમઃ।।**

# ૐકારના દિવ્ય ચૈતન્યને જાગૃત કરી મોક્ષનું પથદર્શક બનનાર

**પવિત્ર-પૂર્થ (પુસ્તક)**

## "ૐ" એક મહામંત્ર




**ખાસ નોંધ :**

(૧) મોક્ષના પથ પર ચાલનાર દરેક પ્રવાસીએ આ પુસ્તકને અવશ્ય વસાવી, મોક્ષના પથ ઉપર આગળ વધવાની ઇચ્છાને આ પુસ્તક સાર્થક કરશે.

(૨) આ પુસ્તકની ખૂબ જ મર્યાદિત પ્રતો છાપવામાં આવેલી હોવાથી જેમણે આ પુસ્તક મેળવેલ ના હોય તેમણે અવશ્ય મેળવી લેવું.

(૩) ઘણાં બધા ભક્તજનો આ પુસ્તકમાં કાયમી દાતા તરીકે પોતાનું નામ લખાવવાની ઇચ્છા હોવા છતાં નામ નોંધાવી શક્યા નથી એ દરેક ભક્તજનોએ આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ થતા પહેલા કાયમી દાતા તરીકે પોતાનું નામ સુનિશ્ચિત કરી લેવું.

– લી. ૐકાર સેવાદળ

**સંપર્કસૂત્ર**


**ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ**
**સેવા સમર્પણ ફાઉન્ડેશન**
Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free (5513/09-10)
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, આંગી એપાર્ટમેન્ટ, અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે,
નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭, ગુજરાત.
Emal ID : omkarsampraday@gmail.com / Emal ID : info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org
**(મો) ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯**

# શું આપ આર્થિક તકલીફમાં છો?
# તો એમાંથી મુક્ત થવાની ચમત્કારિક મંત્ર ગુરૂચાવી

આજનું આ વિશ્વ મનુષ્યને પૈસાની તાકાત સાથે જોડીને જુએ છે. જો તમારા પાસે આર્થિક રીતે સદ્ધરતા નથી અથવા તો આર્થિક દેવું છે તો લોકો તમારી સાથે સંબંધ રાખતા વિચારે છે.

મારી ઉપરની વાત જો તમને સાચી લાગતી હોય તો હવે આગળ એના સમાધાન માટેનો લેખ વાંચો. જે સત્યઘટના આપને હું જણાવવા જઇ રહ્યો છું એના ઉપર ચાલવાથી આપ આપની આર્થિક પરેશાનીમાંથી મુક્ત થઇ જશો.

વર્ષ-૨૦૨૨, મે મહિનાના એક સોમવારે ઘનશ્યામ દેસાઇ નામના એક ભક્ત મને રાજકોટથી મળવા માટે આવ્યા હતાં. ઘનશ્યામભાઇના મારા દર્શને આવવાની આ પ્રથમ મુલાકાત હતી.

ઘનશ્યામભાઇએ મને કીધેલા શબ્દો હું અક્ષરસહ અહીં લખી રહ્યો છું. ‘‘ગુરુજી, હું ચારેબાજુથી ઘેરાયેલો છું. બહુ બધાં પ્રયત્ન કર્યા, પરંતુ મારી પીડા દિનપ્રતિદિન વધતી જઇ રહી છે. હું રાજકોટમાં જમીનની લે-વેચનું કામ કરું છું. છેલ્લા બે વર્ષથી મેં જે જમીન ખરીદી હતી એ વેચાતી નથી. જેના કારણે હું દેવામાં આવી ગયો છું અને વ્યાજના ચક્રવ્યૂહમાં ફસાઇ ગયો છું. હવે જો ઝડપથી રસ્તો ના નીકળે તો મારે ઝેર પીવું પડે એવા દિવસો આવ્યા છે. આપ મારો છેલ્લો આધાર છો.’’ આટલું બોલતા બોલતા એમની આંખમાં આંસુ આવી ગયા હતાં.

મેં ઘનશ્યામભાઇની મુખમુદ્રા અને ઓરા જોઇ અને કહ્યું હતું.

‘‘જો ઘનશ્યામભાઇ, આપ <u>વિદાત દોષ</u>માં અટવાયેલા છો જેના કારણે આપ આર્થિક તકલીફનો સામનો કરી રહ્યા છો. આમાંથી મુક્ત થવા માટે હું આપને એક મંત્ર આપું છું. એ નિયમિત રીતે આપ કરશો તો એનું ફળ આપને અચૂક મળશે.

**મંત્ર : ॥ ૐ સુદત્યાની સુદત્યાની લક્ષ્મીદેવી નમઃ ॥**

મંત્રની પ્રક્રિયા : આ મંત્ર ૨૭ વખત કરવો અને ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

આપ ઉપર જણાવેલ મંત્રની સાધના ૪૫ દિવસ સુધી સળંગ ચાલુ કરી દેશો અને આગળ પણ ચાલુ રાખશો તો આપને આર્થિક રીતે ખૂબ જ પ્રગતિ મળશે.’’

॥ ૐ નમઃ ॥

હવે ઘનશ્યામભાઇને મેં જે ઉપર જણાવેલ મંત્ર આપેલ એનું શું પરિણામ આવ્યું એ આપને હું જણાવું છું.

ઘનશ્યામભાઇ મંત્ર લઇને ગયા અને ઘરે ધર્મપત્નીને મંત્ર કરવા માટે કહ્યું હતું. ઘનશ્યામભાઇના ધર્મપત્નીએ કહ્યું કે આપણે સ્વામિનારાયણ છીએ. આપણે આપણા ધર્મ સિવાયનું બીજું કશું કરી શકીએ નહિ.

ઘનશ્યામભાઇને આ સવાલનો જવાબ મેં પહેલેથી જ જણાવી દીધો હતો. એ જવાબ ઘનશ્યામભાઇએ એમની પત્નીને આપ્યો. જવાબ સાંભળીને પત્ની મંત્ર કરવા માટે તરત તૈયાર થઇ ગઇ હતી, કારણકે આ મંત્રનું ફળ પતિ-પત્ની જોડે બેસીને કરે તો જ મળે.

ઘનશ્યામભાઇ અને એમની પત્ની રેખાબેને મંત્રનો પાઠ નિયમિત ચાલુ કર્યા. મંત્ર શરૂ કર્યાના ૩૦ દિવસમાં એમની અડધી જમીન વેચાઇ ગઇ. જેના કારણે ઘનશ્યામભાઇને આર્થિક રાહત થઇ ગઇ. જમીનનો બીજો હિસ્સો બીજા ત્રણ મહિનામાં વેચાયો. જેના કારણે ઘનશ્યામભાઇ સંપૂર્ણપણે આર્થિક રીતે ફરીવાર બેઠા થઇ ગયા.

હવે આપ એ જાણવા ઇચ્છુક હશો કે ઘનશ્યામભાઇએ એવું તો શું કહ્યું કે એમની ધર્મપત્ની મંત્ર કરવા માટે તૈયાર થઇ ગઇ.

મેં ઘનશ્યામભાઇને જે જવાબ કીધો હતો એ આપને પણ જણાવું છું.

''ઘનશ્યામભાઇ, તમે માંદા પડો અને તાવ આવે તો પેરાસીટામોલ લો છો?'' મેં ઘનશ્યામભાઇને પૂછ્યું હતું.

''હા, સ્વામી....'' ઘનશ્યામભાઇએ જવાબ આપ્યો હતો.

''કોઇ વૈષ્ણવ, જૈન કે બ્રાહ્મણને તાવ આવે તો એ શું લે?'' મેં ઘનશ્યામભાઇને પ્રશ્ન કર્યો હતો.

''હા, સ્વામી.... એ પણ પેરાસીટામોલ જ લે.'' ઘનશ્યામભાઇએ તરત જવાબ આપ્યો હતો.

''બસ ઘનશ્યામભાઇ, હું જે મંત્ર અને મંત્રશક્તિપાત આપું છું એ આપના જીવનના દરેક પ્રશ્નનીપીડાનું નિવારણ છે એટલેકે દવા છે. માણસને અકસ્માત થાય અથવા તો શારીરિક બિમારી આવે તો એને હોસ્પિટલમાં લઇ જવો પડે, મંદિરમાં નહિ. એને આર્થિક જરૂરિયાત પડે તો એ બેંકમાં લોન લેવા માટે જાય. એવી જ રીતે ભૌતિક જીવનમાં જ્યારે પ્રશ્નો ઊભા થાય ત્યારે એની દવા કરવા માટે ભક્તજનો મારી પાસે આવે અને હું જે આપું છું એ મંત્રરૂપી દવા છે. ધર્મ સાથે આને કોઇ લેવાદેવા નથી.'' ઘનશ્યામભાઇને વાતને વિસ્તારપૂર્વક સમજાવતા મેં કહ્યું હતું.

''ગુરુજી, આપે જે મને સમજાવ્યું એવું મને ક્યારેય પણ કોઇએ સમજાવ્યું નહિ. આપના તરફથી મને જે સમજાવવામાં આવ્યું એ મને શીરાની જેમ ગળે ઉતરી ગયું છે.'' ઘનશ્યામભાઇ મને પગે લાગ્યા અને ઘરે પહોંચ્યા બાદ એમની પત્નીને પણ આ જ રીતે વાત સમજાવી હતી.

હવે હું માનું છું કે આપ પણ ઘનશ્યામભાઇ અને રેખાબેનની જેમ મંત્ર અને મંત્રશક્તિપાતથી થતા પ્રશ્નોના સમાધાનને આપના ધર્મ સાથે નહીં જોડો. આજના આધુનિક યુગમાં દરેક મનુષ્યએ ધર્મ અને ભૌતિક સમાધાન આ બંન્નેને અલગ રાખવાની સમજ કેળવવી ખૂબ જ આવશ્યક છે.

## સૂર્યવિદન્ત્યદેવની કથા ભાગ-૫૨



# ૐ શ્રી સૂર્યવિદન્ત્ય દેવ

સૂર્યવિદન્ત્યદેવ પોતાના મહેલમાં આવેલા કક્ષમાં સિંહાસન ઉપર બેસીને વિચારમગ્ન અવસ્થામાં હતાં.

''દેવ! સુરિતુભદેવ આપને મળવા માટે પધાર્યા છે.'' દ્વારપાળે આવીને સૂર્યવિદન્ત્યદેવને પ્રણામ કરતા કહ્યું હતું.

''એમને આદર સાથે અંદર મોકલો.'' સૂર્યવિદન્ત્યદેવે આદેશ આપ્યો.

સુરિતુભદેવ કક્ષમાં પ્રવેશ્યા ત્યારે સૂર્યવિદન્ત્યદેવે ઊભા થઈને એમને સ્થાન ગ્રહણ કરવા માટેકહ્યું.

''સૂર્યવિદન્ત્યદેવ! આપ મુખ ઉપરથી વિચારમાં લાગો છો. શું બાબત છે? હું જાણી શકું?'' સુરિતુભદેવ બોલ્યા.

''મારે રાક્ષસલોકમાં ગુપ્ત વેશે પ્રવેશ કરવો પડશે. પરંતુ હું કોનું શરીર ધારણ કરું એ સમજ પડતી નથી અને એ જ મારા વિચારનું કારણ છે.'' સૂર્યવિદન્ત્યદેવે સુરિતુભદેવને કહ્યું.

''આ તો બહુ જ સરળ છે. તમે ભામિક નામક બ્રાહ્મણનો દેહ ધારણ કરો. હું ધરતીલોક ઉપર જ્યારે સાધના કરવા માટે ગયો હતો ત્યારે ભામિક નામક બ્રાહ્મણ મારી સેવા કરતો હતો. એ ભામિક જાણતો ન હતો કે હું ઈન્દ્રલોકમાંથી આવેલ દેવતા છું. હું તો સાધુવેશે તપ કરી રહ્યો હતો. એક દિવસની વાત છે. ભામિક મારા પગ દબાવી રહ્યો હતો અને હું અર્ધનિંદ્રામાં સરી ગયો.'' આટલું બોલી સુરિતુભદેવ ઊભા રહ્યા હતાં.

સૂર્યવિદન્ત્યદેવ પણ ઉત્સુકતા સાથે એમની વાત સાંભળી રહ્યા હતાં.

|| ૐ નમઃ ||

"હું અર્ધનિંદ્રામાં હતો બરાબર એ જ સમયે થોડે દૂર એક સાધુ ચાલીને જઈ રહ્યા હતાં. અચાનક ઝાડ ઉપર બેઠેલા દીપડાએ એ સાધુ ઉપર હુમલો કર્યો અને એમના બંન્ને હાથ એના પંજા નીચે દબાવી દીધા. મારી આંખો ખુલી ગઈ. પરંતુ હું મારી જગ્યા ઉપરથી ઊભો ના થયો, કારણકે એ સાધુ પોતાના હાથમાં કોઈ હથિયાર આવે એના માટેનો મંત્ર બોલી રહ્યો હતો. દૂરથી મેં એના હોઠ ફફડતા જોયા અને હું સમજી ગયો કે આ કોઈ રાક્ષસલોકમાંથી આવેલ રાક્ષસ છે, કોઈ સાધુ નથી અને દીપડો એને ફાડી ખાવાની તૈયારીમાં જ છે. એ રૂપ બદલવા માટેનો પણ પ્રયત્ન કરવા લાગ્યો, પરંતુ એ એનું સાચું રૂપ પણ બદલી શકતો ન હતો. હું સૂતા-સૂતા તમાશો જોઈ રહ્યો હતો, પરંતુ ભામિક મારા પગ દબાવવાનું મુકી એ સાધુને બચાવવા માટે દોડ્યો હતો. એ હાથમાં પત્થર લઈને દીપડા ઉપર પત્થર મારવા લાગ્યો હતો. એ દીપડાનું ધ્યાન ભામિક ઉપર ગયું અને એ એના હાથમાં પકડાયેલા શિકારને છોડીને ભામિક તરફ દોડ્યો. પરંતુ એ ભામિકને પોતાનો શિકાર બનાવે એ પહેલા ધરતી ઉપર પછડાયેલો સાધુ ઊભો થયો અને પોતાના મૂળ વેશમાં આવી ગયો. એ રાક્ષસરાજ ત્રિકુટ હતો. ત્રિકુટે જોરથી પોતાનું શસ્ત્ર દીપડા પર ફેંક્યું અને દીપડાનું માથું ઉડાડી દીધું અને દૂરથી ભામિકને આશીર્વાદ આપી અલોપ થઈ ગયો. રાક્ષસરાજ ત્રિકુટ ભામિકને ઓળખે છે અને ભામિકે એમનો જીવ બચાવ્યો છે એનું ઋણ ચૂકવવા એ તત્પર હશે. ભામિક અત્યારે એના ધર્મકાર્યથી મોક્ષમાં બિરાજિત છે. માટે આપ એના સ્થુળ શરીરનો ફોટો મારી આંખમાં જોઈ અને એના જેવું જ રૂપ ધારણ કરી રાક્ષસલોકમાં પ્રવેશ કરો. રાક્ષસરાજ ત્રિકુટ ચોક્કસ ભામિકને રાક્ષસલોકમાં રાખી લેશે. બાકી આગળ શું કરવાનું એ તો આપ જાણો જ છો." સુરિતુભદેવે વાત પૂરી કરી.

બંન્ને દેવતાઓ એકબીજા સામે જોઈ ખડખડાટ હસી પડ્યા હતાં.

"મારે રૂપ બદલીને રાક્ષસલોક જવું પડશે એવું મેં ક્યારેય વિચાર્યું ન હતું." સૂર્યવિદન્ત્યદેવે સુરિતુભદેવ સામે જોઈ કહ્યું હતું.

સૂર્યવિદન્ત્યદેવે રાક્ષસલોક જવા માટેની તૈયારી આરંભી દીધી. સુદત્ય યક્ષને બોલાવીને એનું કામ સમજાવી દીધું.

**ક્રમશ**

આપ પણ કોઈ દુવિધા અથવા તો સંકટમાં સપડાયેલા હોય તો નીચે આપેલો દિવ્ય શ્લોક ત્રણ મહિનાની અંદર ૯ હજાર વખત કરી આપની દ્વિધા અને સંકટને દૂર કરો.

## ॥ ૐ ત્રજમ્ય ત્રજમ્ય ત્રિત્રા સૂર્યવિદન્ત્યદેવ, વજમ્ય વજમ્ય ત્રિત્રા સૂર્યવિદન્ત્યદેવ ॥

ઈન્દ્રલોકના દેવ સૂર્યવિદન્ત્યદેવની આ સત્ય કથા આપ સૌ વાચકમિત્રોને કેવી લાગી રહી છે એ જાણવા અમે આતુર છીએ માટે આપનો પ્રતિભાવ વોટ્સએપ અથવા પત્ર દ્વારા લખી મોકલશો.

(મો) ૯૪૨૯૨૦૮૯૯૭

લિ.
ૐકાર સેવાદળ



॥ ૐ નમઃ ॥



# શ્રાવણ માસ દરમ્યાન ભગવાન શિવની કૃપા પ્રાપ્ત કરવા માટેની ચમત્કારિક મંત્રસાધના


**મંત્ર**

## || ૐ શિવાન્ય શિવાન્ય રક્ષામી નમઃ ||

### ૐ શ્રી શિવઊર્જા કૃપા ચક્ર

| | | |
|---|---|---|
| \|\| ॐ शिवाय: \|\| | \|\| ॐ शिवाम्: \|\| | \|\| ॐ शिवान्य: \|\| |
| \|\| ॐ शिवाम्: \|\| | \|\| ॐ महादेव: \|\| | \|\| ॐ शिवाती: \|\| |
| \|\| ॐ शिवाती: \|\| | \|\| ॐ शंभु: \|\| | \|\| ॐ शिवातीता: \|\| |

### ૐ શ્રી શિવ મોક્ષ ચક્ર





(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલા અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરવો. શ્રાવણ માસ દરમ્યાન આ સાધના કરવી. મંત્રદર્શનના આ ચક્રથી ભગવાન શિવની કૃપા અને આશીર્વાદ સદાય આપની સાથે રહેશે.

## ઊંઘમાં આવતા દુ:ખદ સ્વપ્ન દૂર થયા

હું છેલ્લા નવ વર્ષથી રાત્રે ઊંઘમાં આવતા દુ:ખદ સ્વપ્નોથી ખૂબ પરેશાન થઇ ગઇ હતી. રાત્રે ઊંઘમાં સ્વજનોને લગતા દુ:ખદ સ્વપ્ન આવે એના કારણે ઊંઘ પૂરી થતી ન હતી અને દિવસ દરમ્યાન પણ સ્વપ્નાની દુ:ખદ પરિસ્થિતિ યાદ આવ્યા કરતી હતી. જેના કારણે હું ધીમે-ધીમે હતાશામાં સરી રહી હતી.

વર્ષ-૨૦૨૨ માં જૂન મહિનામાં મારી મિત્ર શિલ્પાના કહેવાથી હું પરમ પૂજ્ય ગુરુજીને ૐકાર આશ્રમમાં મળી હતી. પરમ પૂજ્ય ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઇને મને કરવા માટે મંત્ર અને ૐકાર ચાલીસા આપી. આ સાથે-સાથે રાત્રે ૯ થી ૧૧ માં એક દિવસ પણ ચૂક્યા વગર વાડકીમાં પાણી લઇ અનામિકા આંગણી પાણીમાં મુકી ૐકાર ચાલીસા કરી પાણી પી જવાની સૂચના આપી.

પરમ પૂજ્ય ગુરુજીની સૂચના પ્રમાણે મેં અમલ કરવાનું શરૂ કરી દીધું. ધીરે-ધીરે ત્રણ મહિનામાં મારા સ્વપ્ના ઓછા થતા ગયા અને હું ચાર મહિનામાં તો દુ:ખદ આવતા સ્વપ્નોથી મુક્ત બની ગઇ જેનાથી સંપૂર્ણપણે મને રાહત થઇ ગઇ. દુ:ખદ સ્વપ્ન દૂર થવાથી હું કેટલી ખુશ થઇ એની કલ્પના બીજા માટે કરવી અઘરી છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં મારા સાષ્ટાંગ દંડવત......

લી. નિકીતા પટેલ (અમદાવાદ)

આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો રાત્રે ૯ થી ૧૧ માં એક દિવસ પણ ચૂક્યા વગર વાડકીમાં પાણી લઇ અનામિકા આંગણી પાણીમાં મુકી ૐકાર ચાલીસા કરી પાણી પી જવું. જેનાથી આપને આવા પ્રકારના પ્રશ્નોમાંથી મુક્ત થઇ જવાશે.

## રીજેક્ટ થયેલા વીઝા ગુરુજીના મંત્રથી મળી ગયા

મેં કેનેડા ભણવા જવા માટે સ્ટુડન્ટ વીઝા મુક્યા હતાં, પરંતુ વીઝાની ફાઇલ રીજેક્ટ થઇ. રીજેક્શન આવ્યા બાદ હું અમારા પાડોશીના કહેવાથી મારી મમ્મી સાથે પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ લેવા માટે ગઇ. વીઝા કન્સલ્ટન્ટે વીઝા થોડા દિવસ સુધી ના મુકવાની સલાહ આપી, પરંતુ જ્યારે હું ગુરુજીને મળવા ગઇ ત્યારે એમણે મને મંત્ર અને ૐકાર ચાલીસા તથા શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ કરવા કહ્યું અને વીઝા તરત જ મુકી દેવાની સલાહ આપી. ખૂબ વિચાર કર્યા બાદ ગુરુજીની વાત માની અને ફરીવાર મેં વીઝાની ફાઇલ તરત મુકી દીધી અને છેવટે ગુરુજીના આશીર્વાદનો ચમત્કાર મેં જીવનમાં જોયો. મને વીઝા મળી ગયા. જે મારા માટે અને મારા પરિવાર માટે એક ચમત્કાર જ કહી શકાય.પરમ પૂજ્ય ગુરુજીના આવા જ આશીર્વાદ મારા ઉપર બની રહે એવી એમના ચરણોમાં પ્રાર્થના સાથે હજારોવાર કોટિ કોટિ વંદન....

લી. સૃષ્ટિ (અમદાવાદ)

આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે આપેલ મંત્ર ૯ વખત કરી ૐકાર ચાલીસા અને શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ એકવાર કરવો.

મંત્ર : ॥ ૐ વાલવ્ય વાલવ્ય વીંદાતી નમઃ ॥

## ૐ નમઃ ના મંત્રથી મને ૐ ના દર્શન થયા

હું છેલ્લા એક વર્ષથી રોજ રાત્રે ૯ થી ૧૧ માં ૐ નમઃ ની વીસ માળા કરતો હતો. બરાબર એક વર્ષ બાદ મને પહેલીવાર મારી આંખ સામે સતત પાંચ મિનિટ સુધી લાલ કલરમાં ૐ દેખાયો અને ૐ ના દર્શન થયા બાદ મારી અંદર એક નવી ઊર્જા આવી હોય એવી અનુભૂતિ થઈ. હું જે દર્શન માટે છેલ્લા વીસ વર્ષથી વિચાર કરતો હતો એની પ્રાપ્તિ મને હવે થઈ. ઉંમરના ૭૫મા વર્ષના પડાવે ૐ ના દિવ્ય દર્શનથી મારું જીવન ધન્ય થયું હોય એવી અનુભૂતિ મને થઈ. ૐ નમઃ... ૐ નમઃ.... ૐ નમઃ .....સદગુરુ ૐઋષિના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. શશીકાંત પટેલ (બરોડા)

આપ પણ આપના જીવનમાં ૐ ની દિવ્ય ઊર્જાના દર્શનની અનુભૂતિ કરવા ઈચ્છતા હોય તો રોજ ૐ નમઃ ની વીસ માળા નિત્ય કરો અને ૐકાર ચાલીસાનો પાઠ કરો. અવશ્ય આપ ૐ ના દર્શન અને એની અનુભૂતિનો ચમત્કાર આપની આંખે જોઈ શકશો. તેમજ પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુટ્યુબ પર સદ્ગુરુ ૐઋષિ ચેનલ ઉપર આપવામાં આવેલ ૐકાર નાદના દરેક ભાગમાં આપવામાં આવેલ પ્રક્રિયા કરો.

## નિષ્ફળતાની હતાશામાંથી બહાર આવી ગયા

મારું નામ મિતેશ છે. છેલ્લા સાત વર્ષથી જીવનમાં હું નિષ્ફળતા જ મેળવી રહ્યો છું એવું મને લાગતું હતું. મારી ૩૦ વર્ષની ઉંમરે હું બાર લાખના પેકેજમાં નોકરી કરતો હતો. પરંતુ હું જ્યારે મારી સરખામણી મારા મિત્ર અને સગાં-સંબંધી સાથે કરતો હતો ત્યારે હું મારી જાતને નિષ્ફળ સમજતો હતો, કારણકે એ લોકો મારા કરતા વધારે આર્થિક રીતે સદ્ધર હોવાના કારણે મારું મન લઘુતાગ્રંથિથી પીડાતું હતું. મારી માનસિક પરિસ્થિતિ ત્યાં સુધી ખરાબ થઈ ગઈ હતી કે હું મારી પત્ની અને મારા એકના એક દીકરા તરફ પણ મારું ધ્યાન રાખી શકતો ન હતો.

નોકરીથી ઘરે આવ્યા બાદ હું ઘરમાં પુરાઈ જતો હતો અને વિચારો કર્યા કરતો હતો. એક દિવસ હું ઘરે આવીને બેઠો અને યુ-ટ્યુબમાં ગુરુજી દ્વારા આપવામાં આવેલ માનસિક પીડામાંથી મુક્તિ મેળવવા માટેનો વિડિયો જોયો અને મેં શ્રદ્ધા સાથે એ સાંભળવાનું શરૂ કર્યું. સતત છ પૂનમ સુધી મંત્રશક્તિપાત સાંભળ્યા બાદ મારામાં એક અજીબ સકારાત્મકતા પ્રવેશી. મારા મનમાંથી હતાશા દૂર થતી હોય એવી અનુભૂતિ થઈ અને મેં મારી પરિસ્થિતિને દિલથી સ્વીકારી લીધી. આવું કઈ રીતે થયું એ મને ખબર નથી અને પરમ પૂજ્ય ગુરુજીના મંત્રશક્તિપાતે શું ચમત્કાર કર્યો એ મને ખબર નથી. પરંતુ મંત્ર અને મંત્રશક્તિપાત આજના કળિયુગમાં પણ અસરકારક છે એ વાત ચોક્કસ સાબિત થઈ ગઈ. મારા એ જ મિત્રો અને સગાં-સંબંધી સાથે પ્રેમથી અને હળીમળીને હું વાતો કરી શકું છું અને મને એમની ઈર્ષ્યા પણ થતી નથી. હું મારી પત્ની અને પુત્રને પણ હસીખુશીથી સમય આપી શકું છું. ગુરુજીના ચરણોમાં વંદન....

લી. ધીમંત રાજ્યગુરૂ (સુરત)

આપ પણ આપના જીવનમાં આવી સમસ્યાથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુટ્યુબ પર સદ્ગુરુ ૐઋષિ ચેનલ ઉપર દર પૂનમે આપવામાં આવતો માનસિક પીડામાંથી મુક્ત થવા માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય કળશ

# સફળતાના શિખરો સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.



# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ

ઉપર દર્શાવેલ સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

## ૐ શ્રી ૧ ૨ જ્યોતિર્લિંગ ચાલીસાનું પુણ્ય ફળ પ્રાપ્ત કરવા માટે ૐ શ્રી ૧ ૨ જ્યોતિર્લિંગ ચાલીસા ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| \|\| ॐ श्री सोमनाथः \|\| | \|\| ॐ श्री मल्लिकार्जुनः \|\| | \|\| ॐ श्री महाकालेश्वरः \|\| | \|\| ॐ श्री ॐकारेश्वरः \|\| | \|\| ॐ श्री केदारनाथः \|\| |
| \|\| ॐ श्री भीमाशंकरः \|\| | \|\| ॐ श्री काशीविश्वनाथः \|\| | \|\| ॐ श्री त्र्यंबकेश्वरः \|\| | \|\| ॐ श्री बैद्यनाथः \|\| | \|\| ॐ श्री नागेश्वरः \|\| |
| \|\| ॐ श्री रामेश्वरः \|\| | \|\| ॐ श्री घृष्णेश्वरः \|\| |  | \|\| ॐ श्री गौरीपतये: \|\| | \|\| ॐ श्री शिवाल्यः \|\| |
| \|\| ॐ श्री ज्योतिस्वरूपाः \|\| | \|\| ॐ नमः \|\| | \|\| ॐ श्री पार्वतीदेवीः \|\| | \|\| ॐ श्री कार्तिकेयः \|\| | \|\| ॐ श्री गणेशायः \|\| |
| \|\| ॐ श्री मार्कण्डेयऋषिः \|\| | \|\| ॐ श्री अर्धनारेश्वरः \|\| | \|\| ॐ श्री महादेव रक्षाः \|\| | \|\| ॐ श्री शिवकृपाल्यः \|\| | \|\| ॐ शिवओमकारम् \|\| |

ઉપર આપેલ ૐ શ્રી ૧ ૨ જ્યોતિર્લિંગ ચાલીસા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું. શ્રાવણ માસ દરમ્યાન રોજ ૨૦ સેકન્ડ સુધી આ ચક્રને જોવું.



॥ ૐ નમઃ ॥

# માનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા
## સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર
## અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

## ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

## ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.


ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

## ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ

ॐकार संप्रदाय™
( धार्मिक - आध्यात्मिक पथ )

**સેવા સમર્પણ ફાઉન્ડેશન**
(Trust Reg. No. E/18590/Ahmedabad Under 80-G Tax Free 5313/09-10)

**ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ**
(Trust Reg. No. E/20646/Ahmedabad)

**સદગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad | CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફલોર, આંગી ફલેટ અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ સામે, નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(મો) ૯૪૨૯૨૦૮૯૯૭, ૮૭૫૮૯૯૯૨૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯
Email: omkarsampraday@gmail.com | www.sadguruomrushi.com


|| ૐ નમઃ ||

# ગુરુપૂર્ણિમાના પાવન અવસર નિમિત્તે
# સદ્ગુરુ ૐઋષિ સ્વામીના મહાદર્શનની પાવન ઝલક















ૐ


सदम्यम्:
મનોત્યમ્
હાથનો















॥ ॐ નમઃ ॥







# સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના પૂનમ મહાદર્શનની પ્રક્રિયાથી થતા લાભ

(૧) ઘંટનાદથી દર્શનાર્થીના ઓરામાં સકારાત્મક ઊર્જાની ઉત્પત્તિ થાય છે.

(૨) કપાળ ઉપર તિલક કરવાથી દર્શનાર્થીની ઓરા ઊર્જાયુક્ત બને છે.

(૩) સિદ્ધ બ્રેસલેટ હાથમાં ધારણ કરવાથી દર્શનાર્થીના શરીરમાંથી સકારાત્મક ઊર્જા બહાર નીકળી જતી નથી.

(૪) પ. પૂ. ગુરુજીના ઊર્જાયુક્ત આશીર્વાદ લેવાથી સકારાત્મક ઊર્જાથી દર્શનાર્થીની મનોકામનાસિદ્ધિ થાય છે.

(૫) પ. પૂ. ગુરુજીના પાદુકા દર્શનથી દર્શનાર્થીના કાર્ય સીધા થવાના રસ્તા ખુલે છે.

(૬) દર્શનાર્થી જ્યારે પ્રકાશપુંજ ઉપર જમણા હાથનો અંગૂઠો મુકી મનોકામના કરી મંત્ર કરે છે ત્યારે મનોકામનાપૂર્ણ થવાની ઝડપ વધી જાય છે.

(૭) પ. પૂ. ગુરુજી દ્વારા આપવામાં આવતી સિદ્ધ પ્રસાદીરૂપી ભેટથી દર્શનાર્થીની મનોકામનાપૂર્તિ સફળ બને એવી દિશા તૈયાર થાય છે.

(૮) પવિત્ર ધાગાબંધનથી દર્શનાર્થીની સકારાત્મક ઊર્જા અને મનોકામના પરિપૂર્ણ થાય એ પ્રક્રિયાનો એક ભાગ છે.

(૯) પ. પૂ. ગુરુજીને દંડવત કરવાનો લાભ લેવાથી ઊર્જા પૂનમ થી પૂનમ સુધી સકારાત્મક અને કાર્યસિદ્ધિ માટે તૈયાર રહે છે.

(૧૦) પૂનમ થી પૂનમ સુધી કરવાનો સિદ્ધ પવિત્ર શબ્દ આખા મહિનાના આપના કાર્યોને વેગ આપે છે

# ૐકાર ચાલીસા મંદિર નિર્માણના લાભાર્થે

**નવરાત્રિના પાંચમા પાવન દિવસે (આસો સુદ-૫)**




## ૐકારધામ તીર્થમાં બિરાજમાન
## કલિદુ:ખભંજક
# ૐ શ્રી ક્ષેત્રપાળવીર મહાયજ્ઞ



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી



**અખૂટ શક્તિના ભંડાર સમાન અને મનવાંછિત ફળ પ્રાપ્ત કરાવનાર ૐકારધામ તીર્થમાં બિરાજમાન કલિદુ:ખભંજક ૐ શ્રી ક્ષેત્રપાળવીરના મહાયજ્ઞનું આયોજન ૐકારધામતીર્થ – પાનવા ખાતે કરવામાં આવેલ છે.**

**તારીખ : ૧૯-૧૦-૨૦૨૩, ગુરુવાર**
**તિથિ : આસો સુદ-૫**
**સમય : સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી**
**સ્થળ : ૐકારધામ તીર્થ, પાનવા**

**ખાસ સૂચના:**

(૧) આ મહાયજ્ઞમાં ભાગ લેનાર પરિવારજનોએ આગલા દિવસે ૐકારધામ તીર્થ, પાનવા ખાતે આવી જવાનું રહેશે. (૨) આપ સર્વની રહેવાની, ભોજનની તેમજ અમદાવાદથી ૐકારધામ તીર્થ, પાનવા લઈ જવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. (૩) મહાયજ્ઞ કુંડ ખૂબ મર્યાદિત રાખવામાં આવેલ હોવાના કારણે આપે આપનું નામ **મોબાઈલ નંબર : ૯૯૯૮૩૩૫૩૨૭** પર નોંધાવી દેવાનું રહેશે. (૪) એક યજ્ઞકુંડ પર પરિવારના પાંચ સભ્યો લાભ લઈ શકશે. (૫) મહાયજ્ઞમાં પુરુષોએ સફેદ ઝભ્ભો-લેંઘો અને બહેનોએ ગુલાબી રંગની સાડી પહેરવાની રહેશે.

## ૐ શ્રી ક્ષેત્રપાળવીરના મહાયજ્ઞથી થતા ફાયદા

(૧ ) આર્થિક ઉન્નતિમાં અવિરત વધારો થાય અને ઘરમાં ધન સ્થિર થાય તથા દેવામાંથી મુક્ત થવા. (૨) શારીરિક પીડા અને તકલીફો દૂર રહે. (૩ ) બાહ્ય અવરોધો અને આવતી બાધામાંથી મુક્તિ મળે તથા નજર કે ટોક લાગે નહિ. (૪) લગ્નમાં બાધા આવતી હોય કે સામાજિક જીવનમાં કષ્ટ હોય તે દૂર થાય તથા કાયદાકીય મુશ્કેલીમાંથી બહાર નીકળાય. (૫) આ મહાન યજ્ઞથી આપના ઘરની દિવ્ય રક્ષા થાય અને કોઈ બંધન ન રહે. (૬) સંતાન પ્રાપ્તિ કાર્ય સિદ્ધ થાય. (૭) તમારી અંદર શક્તિ અને સામર્થ્ય વધારે, સર્વકાર્ય સિદ્ધ થાય. (૮) દરેક કામમાં વિજય અપાવે અને રક્ષા કરે. (૯) શરીરમાં ના પકડાતા રોગોને દૂર કરી દર્દ મીટાવે. (૧૦) ભક્તોને ભય મુક્ત બનાવે, આસુરી શક્તિ આપના ઉપર હાવિ ના થાય અને શત્રુઓથી આપની રક્ષા કરે. (૧૧) આધ્યાત્મિક ક્રાંતિ અને મંત્ર જ્ઞાન તરફ લઈ જાય. (૧૨) ધારેલી મનોકામના પૂર્ણ કરાવે. (૧૩) કુટુંબ ઉપર આવનારી અણધારી મુશ્કેલી દૂર કરે. (૧૪) શરીરની આસપાસ પવિત્ર રક્ષા કવચ બને.



|| ૐ નમઃ ||

# ૨૦૨૨ના વર્ષમાં યોજાયેલ ૐ શ્રી ક્ષેત્રપાળવીર મહાયજ્ઞની પાવન ઝલક



॥ ૐ નમઃ ॥

# જાહેર આમંત્રણ

## “દર્શન સે મિટે કષ્ટ”

મંત્ર - દર્શન - ચમત્કાર

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામીના ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# પૂનમ મહાદર્શન



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

## ૧ ઓગષ્ટ, ૨૦૨૩ - મંગળવાર

**શુભ સમય : સવારે ૧૦:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી**

### શુભ સ્થળ

**સુવર્ણ જયંતી હોલ**, શ્રી મહાલક્ષ્મી આશ્રિત શ્રીમાળી બ્રાહ્મણ કેળવણી મંડળ,

ઇન્ડિયન ઓઇલ પેટ્રોલ પંપની સામે, ઉન્નતિ સ્કૂલની બાજુમાં, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ચાલો આપણે પણ ૐકારની દિવ્ય કૃપા અને પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના મંત્રથી તેજોમય ઊર્જાયુક્ત આશીર્વાદનો લાભ લઈને જીવનને ધન્ય બનાવીએ....


E-mail ID : omkarsampraday@gmail.com

E-mail ID :info@sadguruomrushi.org

Website : www.sadguruomrushi.org



RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO’s Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month’ Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**